# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJNATH BHUJ VISIT

ભારતે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ-IMFને પાકિસ્તાનને આપવામાં આવતી નાણાકીય સહાય પર પુનર્વિચાર કરવા જણાવ્યું છે. સંરક્ષણ મંત્રી  રાજનાથ સિંહે કહ્યું છે કે ભંડોળનો મોટો હિસ્સો પાકિસ્તાનમાં આતંકવાદ સંબંધિત માળખાગત સુવિધાઓને ટેકો આપવા માટે વાપરવામાં આવશે. આજે બપોરે એરફોર્સ સ્ટેશન ભુજ ખાતે એર વોરિયર્સને સંબોધતા તેમણે કહ્યું કે, આજના સમયમાં, પાકિસ્તાનને કોઈપણ પ્રકારની આર્થિક સહાય આતંકવાદી ભંડોળથી ઓછી નથી.

(BYTE: RAJNATH-SINGH—IMF)

શ્રી સિંઘે કહ્યું, ઑપરેશન સિંદૂરમાં ભારતીય સેનાની કાર્યક્ષમ ભૂમિકાની વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રશંસા થઈ રહી છે.

(BYTE : RAJNATH SIGNH, AIRFORCE BYTE)

. . . . . . . . . . .

# TAPI TIRANGA YATRA

ઓપરેશન સિંદૂરની સફળતાને વધાવવા તાપી જિલ્લાના વ્યારા ખાતે તિરંગા યાત્રા નીકળી હતી. અંદાજે 800 ફૂટ લાંબા તિરંગા સાથે

નીકળેલી આ યાત્રામાં સાધુ સંતો, મહિલાઓ, બાળકો, માજી સૈનિકો જોડાયા હતા. આ યાત્રામાં જોડાયેલા એક નગરજન કિન્નરી શાહે પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ- કિન્નરી શાહ (વ્યારાવાસી)

. . . . . . . . . . . .

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ સાંજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજ, પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કોલવડા તળાવનું લોકાર્પણ કરશે. ઉપરાંત શ્રી શાહ મહાનગરપાલિકા અને ટપાલ વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.

ત્યારબાદ શ્રી શાહ રવિવારે અમદાવાદ અને મહેસાણાના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . .,

# MEHSANA-TRACK

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના તારંગા ખાતે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે ચાલવા માટેના ચાર ટ્રેકનું લોકાર્પણ કર્યું. આ ટ્રેકમાં ધરોઈ ડેમ માર્ગ પર 3 કિલોમીટરનો ટ્રેક, તારંગા નજીક 5 કિલોમીટરનો ટ્રેક, તારંગાથી ધરોઈ નર્સરી સુધી 10 કિલોમીટરનો ટ્રેક તેમજ કુબડા વસાહતથી તાલેગઢ સુધીનો 21 કિલોમીટરનો ટ્રેકનો સમાવેશ થાય છે. સાહસિક પ્રવાસીઓ પ્રકૃતિના આનંદ સાથે સાહસનો અનુભવ કરી શકશે. શ્રી પટેલે એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું.

. . . . . . . . . . . .

# BANASKANTHA COW DEATH

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના બળોધર ગામે ઘાસચારો આરોગતા 36 ગાયોના મોત થયા છે જ્યારે 15 ગાયોને સારવાર હેઠળ ખસેડાઈ છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે ભીલડીયાજી પાંજરાપોળમાં ગાયોએ લીલો ઘાસચારો આરોગ્યા બાદ આ ઘટના બની હતી. પશુધન નિરીક્ષક દ્વારા પોસ્ટમોર્ટમ કરતા લીલા ઘાસચારામાં ગરમીના કારણે બફારો થઈ જતા ગાયોના મોત થયા હોવાનું સામે આવ્યું હતું.

. . . . . . . . . . . .

# DANG KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત રાજ્ય કક્ષાની તિરંદાજી સ્પર્ધામાં ડાંગ જિલ્લાના ખેલાડીઓએ સૌથી વધુ ચંદ્રક મેળવતા ડાંગ જિલ્લો પ્રથમ ક્રમાંકે આવ્યો છે.  સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ડાંગના અંડર-14 વયજૂથમાં 4 ચંદ્રક,  17 વર્ષથી નીચેના વયજૂથમાં 10 ચંદ્રક અને ઓપન વયજૂથમાં 2 ચંદ્રક સાથે ડાંગ જિલ્લાના ખેલાડીઓએ કુલ 16 ચંદ્રક મેળવ્યાં હતાં. જેમાં 4 સુવર્ણ, 7 રજત અને 5 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . .

# CHHOTAUDEPUR-CHECKING

છોટાઉદેપુર ટાઉનમાં નાસ્તાની અને ખાણી પીણીની હાટડીઓ, હોટેલ, લોજમાં સ્વચ્છતા અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરાયું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સહિતની 6 ટુકડીએ પીવાનું પાણી, કચરાનો યોગ્ય નિકાલ, હોટલમાં કામ કરતા કર્મચારીઓના આરોગ્યની તપાસ નિયમિતા, વાસી ખોરાકની તપાસ કરવામાં આવી હતી. દરમિયાન, કચરો અન્ય જગ્યાએ ન નાખતા નગરપાલિકાના વાહનમાં નાખવા સૂચન કરાયું હતું. આ ઉપરાંત ફાયર સેફ્ટી બાબતે તમામને માહિતગાર કરાયા હતા.

. . . . . . . . . . . .